સહભાગી સિંચાઇ વ્યવસ્થાના ઘડતર
સારુ ઉચ્ચકક્ષાના કાર્યવાહી જુથની
સ્ટેન્ડીંગ કમિટિની રચના બાબત.

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ
ઠરાવક્રમાંક :પીઆઇએમ-૨૦૦૧-૧૮૪૫-૧૭-ક.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૧-૧૦-૨૦૦૨.

વંચાણે લીધો :-ન.જ.સં.અને પા.પુ.વિભાગનો તા.૧૫-૬-૯૪ નો પરિપત્ર ક્રમાંક:પીજીટી-૧૦૯૩-૨-ક.૩(પાર્ટ-૨)

સંદર્ભ હેઠળના નર્મદા,જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તા.૧૫-૬-૯૪ ના ઠરાવથી સહભાગી સિંચાઇ વ્યવસ્થાના ઘડતર સારુ ઉચ્ચકક્ષાની કાર્યકારી જુથની સ્ટેન્ડીંગ કમિટિની રચના કરવામાં આવેલ છે. ઉપરોક્ત સમિતિમાં સભ્યશ્રીઓનો જે તે વખતે તેઓ સંભાળી રહેલ કામના પ્રકારને અનુલક્ષીને સમાવેશ કરવામાં આવેલ હતો. પરંતુ ધ્યારબાદ સરકાર કક્ષાએથી અધિકારીઓ વચ્ચે કામની પુન:વહેંચણી અને વહીવટી કામોના ફેરફારો ધ્યાને લઇ ઉપરોક્ત સમિતિના માળખામાં સુધારો કરી આ સમિતિની પુન:રચનાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. અને પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની આ સીમતિની રચના કરવાનુ ઠરાવવામાં આવે છે.

**સ્ટેન્ડીંગ કમિટિ.**

(૧) સચિવશ્રી (જ.સં.) ન.જ.સં.અને પાણી પુરવઠા વિભાગ — અધ્યક્ષશ્રી
(૨) શ્રી અનિલભાઇ શાહ, અધ્યક્ષશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર, અમદાવાદ. — સભ્યશ્રી
(૩) પ્રતિનિધિશ્રી, આગાખાન રુરલ સપોર્ટ પ્રોગ્રામ,અમદાવાદ(ભારત). — સભ્યશ્રી
(૪) પ્રતિનિધિશ્રી, વિવેકાનંદ રીસર્ચ અને ટ્રેનંગ ઇન્સ્ટીટયુટ,માંડવી,કચ્છ. સભ્યશ્રી,
(૫) મુ.ઇ.(ઉ.ગુ) અને અ.સશ્રી,ન.જ.સં.અને પા.પુ.વિ.ગાંધીનગર. — સભ્યશ્રી
(૬) મુ.ઇ.(મ.ગુ) અને અ.સશ્રી,ન.જ.સં.અને પા.પુ.વિ.ગાંધીનગર. — સભ્યશ્રી
(૭) મુ.ઇ(દ.ગુ) અને અ.સશ્રી, ન.જ.સં.અને પા.પુ.વિ.ગાંધીનગર. — સભ્યશ્રી
(૮) મુ.ઇ.(સૌ) અને અ.સશ્રી,ન.જ.સં.અને પા.પુ.વિ.ગાંધીનગર. — સભ્યશ્રી
(૯) મુ.ઇ.(પંચાયત) અને અ.સશ્રી,ન.જ.સં.અને પા.પુ.વિ.ગાંધીનગર. સભ્યશ્રી
(૧૦) મુ.ઇ.(ગુ.નિ.) અને અ.સશ્રી,ન.જ.સં.અને પા.પુ.વિ.ગાંધીનગર. — સભ્યશ્રી

૨. સદરહુ સમિતિ સહભાગી સિંચાઇ વ્યવસ્થાના હેઠળ કામગીરી, પ્રાપ્ત થયેલ લક્ષ્યાંકોની સમીક્ષા કરશેઅને આ વ્યવસ્થા વધુ સુદ્રઢ અને અસરકારક અને તેમાં સુનિશ્ચત્ વેગ આવે તે માટે સલાહ સુચનો તેમજ આવશ્યક માર્ગદર્શન આપશે. આ સમિતિની બેઠક જયારે જયારે સહભાગી સિંચાઇ વ્યવસ્થાના અમલમાં જરુર પડે ત્યારે બોલાવવામાં આવેલ અને સમિતિની સબંધિત આવશ્યક કામગીરી મુખ્ય ઇજનેર(ગુ.નિ) અને અધિક સચિવશ્રીની દેખરેખ હેઠળ ખાસ ફરજપરના અધિકારીશ્રી (જ.સ.ક.) એ સંભાળવાની રહેશે. તેમજ મુખ્ય ઇજનેર(ગુ.નિ)અને અધિક સચિવશ્રી, સમિતિના સભ્ય સચિવશ્રી, સમિતિના સભ્ય સચિવ તરીકેની ફરજો અદા કરશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સુરેન્દ્રસિંઘ બરાર)
સેકશન અધિકારી,
નર્મદા,જળસંપત્તિ અને પા.પુ.વિભાગ.

વાય-૫૦૫-૨૧